
પૂર્વકથા

# નાગયજ્ઞનો આરંભ



હસ્તિનાપુરના રાજા પરીક્ષિત કુરુવંશના કુલદીપક હતા. એમણે પોતાના મહાન સામ્રાજ્યના મુખ્ય નગરની મધ્યમાં આવેલા એક ઊંચા મહેલમાં સ્વયંને કેદ કરીને એકાંતવાસ સ્વીકારી લીધો. એ પોતાની પત્નીઓ અને બાળકોની સાથે-સાથે પ્રજાથી પણ દૂર થઈ ગયા હતા. એ અત્યંત ભયભીત હતા. લગાતાર રાત-દિવસ એ એક છેડેથી બીજે છેડે આંટા મારી રહ્યા હતા. ન ભોજનમાં એમનું ચિત્ત હતું કે ન એમને નિદ્રા આવતી હતી. ચારણોને એમની પાસે મોકલવામાં આવ્યા જેથી અમુક વાર્તાઓ કહીને એમની મન અને મસ્તિષ્કને શાંતિ મળે, પરંતુ એમનો ભય કોઈ રીતે એમને મુક્ત થવા દેતો નહોતો.

નગરના માર્ગો પર દંતકથાઓનું બજાર ગરમ હતું, 'આપણા રાજાના પિતામહ અર્જુન મહાન હતા, જેમણે કુરુક્ષેત્રમાં કૌરવોને પરાજિત કર્યા હતા. રાજાના પિતા અભિમન્યુ હતા, જેમણે એકલા હાથે યુદ્ધમાં ચક્રવ્યૂહ ભેદીને પ્રવેશ કર્યો હતો. આવા સમર્થ પૂર્વજો હોવા છતાં આપણા રાજા ભયભીત શા માટે છે? એમની યુદ્ધકથાઓ પ્રચલિત છે તેમ છતાં એમણે ભયભીત થઈને એકાંતવાસ શા માટે સ્વીકાર્યો છે.'

'સાત દિવસમાં સર્પદંશથી મારું મૃત્યુ થશે એવો મને અભિશાપ છે.' રાજાએ અંતે વાત જાહેર કરી દીધી. 'એમને મારાથી દૂર રાખો, એક પણ સુંવાળો, સરકતો સાપ મારી નિકટ ન આવવો જોઈએ. હું મૃત્યુ નથી ઇચ્છતો.' મહેલના પ્રત્યેક દ્વાર પર, બારીઓ પર, ચોકીદાર સતત પહેરો ભરી રહ્યા હતા. રાજાની દિશામાં દૃષ્ટિ કરનાર દરેક સાપને મારવા તૈયાર હતા એ. મિનારમાં પ્રવેશ કરનાર એક-એક વસ્તુની તપાસ કરવામાં આવતી હતી. નાગ ક્યાંય પણ સંતાઈ શકે!




છ રાત પછી સાતમા દિવસે ભૂખથી પીડિત પરીક્ષિતે એક ફળને બટકું ભર્યું. એમાં એક નાનકડો કીડો સંતાયેલો હતો, જે તરત જ ભયાવહ નાગમાં પરિવર્તિત થઈ ગયો, એ તક્ષક હતો.

તક્ષકે પોતાની ફેણ ફેલાવી અને પરીક્ષિતની ત્વચામાં પોતાના ઝેરી દાંત ઘુસાડી દીધા. ઝેર ઝડપથી ફેલાઈ ગયું. પરીક્ષિત દર્દથી વિચલિત બૂમો પાડવા લાગ્યા, પરંતુ એમની મદદે કોઈ ચોકીદાર આવે એ પહેલાં જ એમનું મૃત્યુ થઈ ચૂક્યું હતું અને નાગ ચૂપચાપ ત્યાંથી સરકી ગયો હતો.

પરીક્ષિતનો દીકરો, જનમેજય ગુસ્સામાં લાલ-પીળો થઈ ગયો. એણે કહ્યું, ‘હું મારા નિરપરાધ પિતાની હત્યાનો પ્રતિશોધ લઈશ. એણે પોતાના રાજ્યના સર્વ બ્રાહ્મણોને સર્પસત્ર આરંભ કરવાનો આદેશ આપ્યો. આ એવો યજ્ઞ છે જેમાં પૃથ્વી ઉપર અને પૃથ્વીની અંદર વસતા તમામ સાપોને નષ્ટ કરવાનું સામર્થ્ય છે.

હસ્તિનાપુરના મધ્યમાં તરત જ યજ્ઞ આરંભ થયો અને એમાંથી રાખોડી ધુમાડો આકાશ તરફ ફેલાવા લાગ્યો. યજ્ઞની વેદી પર ચારેતરફ બેઠેલા સેંકડો બ્રાહ્મણો, પૂજારી અને વેદના જ્ઞાતાઓ અગ્નિને વધુ ને વધુ તેજસ્વી અને ભયાનક બનાવવા માટે એમાં ચમચા ભરી-ભરીને ઘી હોમી રહ્યા હતા. એ સૌ વિચિત્ર જાદુઈ ઋચાઓ ઉચ્ચારી રહ્યા હતા, એવી અદૃશ્ય શક્તિઓનું આહ્વાન કરી રહ્યા હતા જે નાગોને ધરતી ઉપર અને ધરતીની નીચે આવેલા એમના દર કે રાફડામાંથી ખેંચીને અહીં પ્રજ્વલિત અગ્નિ સુધી લઈ આવે. હસ્તિનાપુરના આકાશ પર ચારેતરફ સાપ અને માત્ર નાગ દેખાતા હતા, જે યજ્ઞવેદી તરફ ખેંચાઈને આવી રહ્યા હતા. ચારેતરફ જીવિત સળગી રહેલા સાપોની હૃદયવિદારક ચીસો ગુંજી રહી હતી. કેટલાક લોકોને અત્યંત દયા આવતી હતી અને તેઓ બૂમો પાડી રહ્યા હતા, ‘આ અયોગ્ય સંહાર છે’, કેટલાક જનમેજયને સાચો ઠરાવતા પોતાના તરફથી બૂમો પાડી રહ્યા હતા, ‘આપણા રાજાની હત્યાનો દંડ તો ભોગવવો જ પડશે.’

ત્યારે જ ક્ષિતિજમાં કોઈ યુવકનો અવાજ સંભળાયો, ‘અટકી જાઓ રાજન! આ અધર્મ છે.’



જનમેજયે ગર્જના કરી, 'મારા પર અધર્મનો આક્ષેપ કરવાની તારી હિંમત કેવી રીતે થઈ? તું છે કોણ?'

'હું આસ્તિક છું, નાગરાજ વાસુકિનો ભત્રીજો.'

રાજાએ આક્ષેપભર્યા સ્વરમાં કહ્યું, 'સ્વાભાવિક છે કે તું નાગોને બચાવવા માગે છે. તું સ્વયં પણ એક નાગ જ છે.'

'મારા પિતા ઋષિ જરત્કારુ તમારી જેમ માનવ જ હતા. મારી મા નાગવંશી હતી. હું તમારા જેવો પણ છું અને તમારો શત્રુ પણ – માનવ પણ અને નાગ પણ. હું પક્ષપાત નથી કરતો. મારી વાત ધ્યાનથી સાંભળો. અન્યથા તમારા વંશજોમાંથી કોઈને શાંતિ નહીં મળે.'

રાજાએ કહ્યું, 'કહે, હું સાંભળું છું.'

આસ્તિકે કહ્યું, 'પોતાના મૃત્યુના સાત દિવસ પહેલાં તમારા પિતા શિકાર કરવા ગયા હતા, ત્યારે એમને તરસ લાગી. એમણે વટવૃક્ષની નીચે બેઠેલા એક સાધુને જોયા અને એમની પાસે પીવા માટે જળ માગ્યું, પરંતુ સાધુ ગહન સમાધિમાં હતા એટલે રાજાની વિનંતીનો કોઈ ઉત્તર આપી શક્યા નહીં. ક્રોધિત થઈને પરીક્ષિતે પોતાની તલવારથી એક નિકટ પડેલા મરેલા સાપને ઉપાડીને સમાધિસ્થ ઋષિના ગળામાં નાખી દીધો. દૂરથી આ જોઈ રહેલા ઋષિના શિષ્યથી પોતાના ગુરુનું અપમાન સહન ન થયું. એમણે પરીક્ષિતને શાપ આપ્યો કે 'સાત દિવસની અંદર એ સર્પદંશથી મૃત્યુ પામશે. જનમેજય, પહેલાં એ સમજો કે તમારા પિતાએ પોતાના મૃત્યુને સ્વયં આમંત્રિત કર્યું હતું.'



'અને તક્ષક? એણે જ મારા પિતાને ડંખ માર્યો એનું શું કારણ?'

આસ્તિકે એ સમયે બીજી કથા સંભળાવી, 'ઘણાં વર્ષો પહેલાંની વાત છે. તમારા પ્રપિતામહ અર્જુને ઇંદ્રપ્રસ્થ નગર વસાવવા માટે ભૂમિ પ્રાપ્ત કરવાના હેતુથી ખાંડવપ્રસ્થ નામનું નગર સળગાવીને નષ્ટ કરી નાખ્યું. એ વનમાં અનેક નાગ રહેતા હતા. એ સૌ નાગ પણ જંગલની આગમાં બળીને મૃત્યુ પામ્યા. એનાથી તક્ષક અને બીજા નાગો ઘરબાર વગરના અને અનાથ થઈ ગયા. તક્ષકે ત્યારે જ અર્જુન અથવા એના વંશજ ઉપર પ્રતિશોધ લેવાની પ્રતિજ્ઞા કરી હતી. તમારા પિતાની હત્યા કરીને એણે પોતાનો પ્રતિશોધ પૂરો કર્યો. હવે તમારી બલિવેદી પર જે રીતે નાગને ભસ્મ કરવામાં આવી રહ્યા છે એના ફળસ્વરૂપે બીજા અનેક નાગો અનાથ થઈ જશે. ફરી એક વાર પ્રતિશોધનો અગ્નિ પ્રજ્વલિત થશે. તમે એ જ કરી રહ્યા છો જે તમારા પૂર્વજોએ કર્યું હતું અને તમારે પણ એમની જેમ જ કષ્ટ અને અભિશાપનો સામનો કરવો પડશે. રક્તપાત થશે અને કુરુક્ષેત્રની જેમ અનેક વિધવાઓ ફરી વિલાપ કરશે. જનમેજય, શું સાચે જ તમે આવું ઇચ્છો છો?'

આસ્તિકનો પ્રશ્ન યજ્ઞશાળામાં ગુંજવા લાગ્યો. મંત્રોચ્ચાર અટકી ગયો. અગ્નિની જ્વાળા સ્થિર થઈ ગઈ. સૌની પ્રશ્નવાચક દૃષ્ટિ રાજા પરત્વે નોંધાઈ, સભામંડપમાં સ્મશાનવત્ શાંતિ પ્રસરી ગઈ.

જનમેજયે પોતાના ખભા ઉલાળ્યા અને વિશ્વાસપૂર્વક ઉત્તર આપ્યો, 'હું તો આ બધું ન્યાય મેળવવા માટે કરી રહ્યો છું.'


આસ્તિકે પણ આ તકને ગુમાવ્યા વગર પ્રતિવાદ કર્યો, 'તક્ષકે પણ તમારા પિતાનો વધ ન્યાયપ્રાપ્તિ માટે કર્યો. તમે પણ નાગોનો સંહાર ન્યાયપ્રાપ્તિ માટે કરી રહ્યા છો. તમે આ યજ્ઞ દ્વારા જેને અનાથ કરશો એ પણ પોતાનો ન્યાય મેળવવાનો પ્રયાસ કરશે. ન્યાયની પરિભાષા કોણ નક્કી કરે? પ્રતિશોધની આ અવિરત શૃંખલાનો અંત કેવી રીતે થાય જો પ્રત્યેક પક્ષ એમ જ વિચારે કે એ જે કરે છે તે સાચું છે અને અપરાધ હંમેશાં એના પ્રતિદ્વંદ્વીનો જ હોય.'

જનમેજય ચૂપ રહ્યો, એણે આસ્તિકની વાત પર વિચાર કર્યો, એ પછી એણે સહેજ સંકોચ સાથે ધીમા અવાજે પૂછ્યું, 'પાંડવોએ કૌરવો સાથે જે યુદ્ધ કર્યું એ ન્યાય મેળવવા માટે નહોતું કર્યું?'

આસ્તિકે પ્રત્યુઉત્તર આપ્યો, 'ના મારા રાજન. એ યુદ્ધ ધર્મ માટે લડવામાં આવ્યું હતું અને ધર્મનો અર્થ ન્યાય નથી. ધર્મનો સંબંધ માનવીય સંવેદના અને જ્ઞાન સાથે છે. ધર્મનું ધ્યેય કોઈને પરાજિત કરવાનું નથી, એમાં તો સ્વયં પર વિજય મેળવવો જરૂરી છે. ધર્મમાં સહુ વિજય થાય છે. કુરુક્ષેત્રનું યુદ્ધ સમાપ્ત થયા પછી કૌરવો પણ સ્વર્ગમાં જ ગયા.'

'શું!' જનમેજયને આશ્ચર્ય થયું.

'હા! તમે અને તમારા પૂર્વજો દ્વારા ખલનાયક બનાવીને અત્યંત અપયશ આપવા છતાં કૌરવ પણ સ્વર્ગમાં જ પહોંચ્યા. એ સ્વર્ગ જ્યાં સતત આનંદ છે અને જ્યાં દેવો નિવાસ કરે છે.'



આ રહસ્ય સાંભળ્યા પછી વિચલિત થઈ ગયેલા રાજાએ પૂછ્યું, ‘અને પાંડવ?’

‘તેઓ દુઃખ-દર્દના લોક નર્કમાં ગયા હતા.’

‘મને તો આ વિશે કોઈ જાણ જ નહોતી.’

‘મારા રાજા હજી તો તમે કશું જાણતા જ નથી, તમને ભલે પાંડવોનું રક્ત અને હસ્તિનાપુરનું રાજ્યાસન વારસામાં મળી ગયું, પરંતુ એમનાં જેવી બુદ્ધિ અને જ્ઞાન નથી મળ્યાં. તમે તો ધર્મનો વાસ્તવિક અર્થ પણ નથી જાણતા જે સ્વયં ભગવાને અર્જુનને સમજાવ્યો હતો.’

‘ભગવાન?’

‘હા, ભગવાન કૃષ્ણ.’

‘મને એના વિશે વધુ જણાવો.’

આસ્તિકે કહ્યું, ‘વૈશંપાયનને આમંત્રિત કરો. એમને વિનંતી કરો કે એમના ગુરુ વ્યાસ દ્વારા રચિત અને ગણેશ દ્વારા લિખિત મહાકથા તમને સંભળાવે. આ કથા તમારા પૂર્વજો અને એમનાથી પણ પહેલાં થઈ ગયેલા રાજાઓની કથા છે.

વ્યાસની મહાકથાના સંરક્ષક કથાકાર વૈશંપાયનને આમંત્રિત કરવા માટે દૂત મોકલવામાં આવ્યા. વૈશંપાયન જ્યારે પધાર્યા ત્યારે એમણે યજ્ઞશાળામાં અગ્નિકુંડની ઉપર હવામાં લટકતા હજારો સર્પો વેદીની ચારેતરફ વિરાજેલા અને પોતાનું કામ પૂરું કરવા માટે ઉત્સુક એવા ઉદ્ધત પૂજારીઓની સાથે પોતાના પૂર્વજો વિશે ઉત્સુકતાપૂર્વક સાંભળવા માગતા રાજાને જોયા.

કથા સંભળાવવા પધારેલા ઋષિને હરણના ચામડાનું આસન આપવામાં આવ્યું. એમને ફૂલમાળાથી સન્માનિત કરવામાં આવ્યા. જળથી ભરેલું પાત્ર અને ફળોની ટોપલી એમની સામે મૂકવામાં આવી. આ આતિથ્યથી અભિભૂત થઈને વૈશંપાયને પાંડવો અને કૌરવોની સાથે ભારત વર્ષ પર રાજ્ય કરનારા સહુ રાજાઓની કથા આરંભ કરી. આ કથાનું નામ હતું, 'જય'. જે પછીથી મહાભારતના નામે પ્રસિદ્ધ થયું. આસ્તિકે રાજાના કાનમાં ધીમા અવાજે કહ્યું, 'જનમેજય! આ મહાકથાને ધ્યાનથી સાંભળજો. એના કથાનક પ્રત્યે નાસ્તિક કે વિમુખ નહીં થતા, કથાઓના આવરણની પાછળ શિખામણની એક ધારા વહે છે. એમાં સ્નાન કરો. એ જ તમારો સાચો વારસો છે.

- લગભગ એક હજાર વર્ષ બીસીઈ પૂર્વે પ્રચલિત વૈદિક યુગમાં સમાજને સુવ્યવસ્થિત રાખવામાં યજ્ઞ જ મહત્ત્વનાં અનુષ્ઠાન હતાં. એ યજ્ઞો ખાસ પ્રશિક્ષણ મેળવેલા પૂજારીઓ દ્વારા કરવામાં આવતા. દિવ્યશક્તિઓના આહ્‌વાન અને એમના આશીર્વાદથી પોતાના યજમાનની મનોકામના પૂર્ણ કરવા માટે મંત્ર બોલીને અગ્નિને સામગ્રી અર્પિત કરવી એ યજ્ઞની મુખ્ય રીત હતી. સેંકડો પૂજારીઓ દ્વારા અનેક વર્ષો સુધી વિશાળ સ્તર પર – અનેક લોકો દ્વારા આયોજિત યજ્ઞને 'સત્ર' કહેવામાં આવતું.


- અનુષ્ઠાન દ્વારા મનુષ્યને દુનિયાના અનેક ભૌતિક પડકારોનો સામનો કરવામાં સહાયતા તો મળતી જ, પરંતુ એનાથી મનુષ્યને જીવનની કોઈ આધ્યાત્મિક વ્યાખ્યા નથી મળતી. આ સમજણ માટે કથાઓની આવશ્યક્તા હતી. એટલા માટે યજ્ઞોના સમયે અને એની વચ્ચે પણ પૂજારીઓ અને ઋષિઓના મનોરંજન તથા જ્ઞાનવર્ધન માટે કથાકારો દ્વારા કથા કરાવવામાં આવતી. સમય જતાં યજ્ઞને બદલે કથાઓને વધુ મહત્ત્વ મળવા માંડ્યું, કારણ કે એમાં મનોરંજન હતું. ખરેખર તો 500 સીઈ સુધી લોકો યજ્ઞ કરવાનું લગભગ વીસરી ગયા અને દેવતાઓ, રાજાઓ તથા ઋષિઓ વિશેની પવિત્ર કથાઓ હિન્દુ વિચારપ્રવાહનો મુખ્ય આધાર બની ગઈ.

- મહાભારતમાં માત્ર માનવ જ નહીં, પરંતુ સ્વર્ગના નિવાસી દેવો, ધરતીના પેટાળમાં વસતા અસુર, નદીઓમાં વસતી અપ્સરા, મનુષ્યની ભાષામાં વાત કરી શકતા ફેણવાળા નાગ, વનની સંરક્ષા કરતા વનના આત્મા જેવા યક્ષ, જંગલોના નિવાસી મૂલતઃ યોદ્ધા અને સંગીતજ્ઞ ગંધર્વો તથા પૂર્ણપણે જંગલી રાક્ષસોનો પણ સમાવેશ થાય છે. અસુર અને રાક્ષસો જેવા કેટલાક વર્ગ મનુષ્યોના દુશ્મન હતા એટલે

એમને દાનવ કહેવાતા, જ્યારે દેવો અને ગંધર્વો જેવા વર્ગ મનુષ્યો સાથે મિત્રતા રાખતા, પરંતુ મનુષ્યોથી શ્રેષ્ઠ હતા માટે એમની પૂજા કરવામાં આવતી. નાગોનું સ્થાન અસ્પષ્ટ હતું. એમનાથી ક્યારેક ભય લાગતો તો ક્યારેક એમની પૂજા કરવામાં આવતી. બુદ્ધિશાળી અને તર્કશીલ વ્યક્તિઓનું અનુમાન છે કે આ વિભિન્ન માનવીય નહોતી એવી, અવૈદિક જનજાતિ હતી, જે ધીરેધીરે વૈદિક પરંપરામાં દીક્ષિત થતી ગઈ.

- એવું કહેવામાં આવે છે કે સર્પ સત્ર સંચાલિત કરનાર મુખ્ય હોતા (પૂજારી) ઉત્તંકને નાગો સાથે અંગત શત્રુતા હતી. ગુરુદક્ષિણાના સ્વરૂપમાં એમના ગુરુએ, ગુરુપત્ની માટે રાણીનાં રત્નજડિત કર્ણફૂલ લાવી આપવાની આજ્ઞા કરી. ઉત્તંક દ્વારા અત્યંત કઠિન પ્રયાસ પછી એ કર્ણફૂલ પ્રાપ્ત કરવામાં આવ્યાં, પરંતુ કોઈ નાગે એની ચોરી કરી લીધી. ઉત્તંક એ ચોરીના પ્રતિશોધ સ્વરૂપે સર્પસત્ર આયોજિત કરવા માગતો હતો. આવા સત્રમાં લાગતી જરૂરી સામગ્રીનાં સંસાધન એની પાસે નહોતાં. પોતાના પિતાની હત્યાના પ્રતિશોધ માટે વિહ્વળ થયેલા રાજા જનમેજયે અજાણતાં જ ઉત્તંકને આ સુવર્ણ અવસર આપ્યો. એટલે જ્યારે જનમેજયે વિચાર્યું કે સર્પોની બલિ ફક્ત એના અંગત કારણસર થઈ રહી છે ત્યારે જનમેજય સાચા નહોતા. એમના સિવાય પણ કોઈ બીજું નાગોને નષ્ટ કરવા માગતું હતું.


## જનમેજયનો વંશવેલો



## પહેલો અધ્યાય

# પૂર્વજ

'જનમેજય, તમારા પરિવારના ઇતિહાસમાં પૂર્વઘટિત
ઉદાહરણ વારંવાર પુનરાવર્તિત થાય છે.'



## ચંદ્રનો પુત્ર

કોઈ મનુષ્યનું જ્યારે મૃત્યુ થાય છે ત્યારે જો એણે પોતાનાં સત્કર્મો દ્વારા પુણ્ય કમાયું હોય તો એ આકાશથી પણ ઉપર વસતા દેવતાઓના સ્વર્ગમાં સ્થાન પામી શકે છે. મનુષ્ય આને સ્વર્ગ કહે છે. ત્યાં વસતા દેવ એને અમરાવતી નગરીના નામથી ઓળખે છે. અહીં દુઃખદર્દની લાગણીઓ નથી. અહીં તમામ સ્વપ્ન અને ઇચ્છાઓ પૂરી થઈ જાય છે.

આ આનંદને શાશ્વત રાખવા માટે દેવોએ સતત સમયાંતરે પાતાળવાસી પોતાના સનાતન શત્રુઓ એટલે કે અસુરોને પરાજિત કરવા પડે છે. એમનો વિજય યજ્ઞ દ્વારા પ્રાપ્ત થતી શક્તિ પર આધારિત છે. બૃહસ્પતિ (ગુરુ) ગ્રહના સ્વામી દેવતાઓના ગુરુ બૃહસ્પતિ જ દેવતાઓ માટે સતત યજ્ઞ કરે છે. યજ્ઞની સફળતા માટે બૃહસ્પતિની પત્ની તારા દ્વારા એમની સાથે યજ્ઞમાં સંમિલિત થવું આવશ્યક છે. તારા સમગ્ર તારાઓની દેવી છે.

એક દિવસ અચાનક બૃહસ્પતિની બાજુમાં બેઠેલી તારા ત્યાંથી ઊભી થઈને ચંદ્ર સાથે ભાગી ગઈ. સતત વિશ્લેષણ અને વિવેચનમાં વ્યસ્ત રહેતા બૃહસ્પતિથી તારા કંટાળી ગઈ હતી, કારણ કે બૃહસ્પતિને તારાથી વધુ રસ યજ્ઞમાં રહેતો હતો. તારા ઉપર આસક્તિ ધરાવનાર ચંદ્રમા સાથે તારાને પ્રણય થઈ ગયો.

બૃહસ્પતિએ દેવરાજ ઇંદ્રને આજ્ઞા કરી, 'યજ્ઞની સફળતા ઇચ્છતા હો તો મારી પત્નીને પરત લઈ આવો.'

દેવોમાં અંદરોઅંદર આ વાત પર મતભેદ હતો કે પતિને સતત કર્મકાંડમાં વ્યસ્ત રહેતા સાધન જેવો માનતી તારાને પરાણે એના પતિ પાસે પાછી લાવવામાં આવે કે એના પ્રેમી પાસે જ રહેવા દેવી જોઈએ



જેણે એને ફરી જીવંત કરી છે, જીવનનો આનંદ આપ્યો છે. વિસ્તૃત ચર્ચા અને દલીલો પછી અંતે વ્યાવહારિકતા અને પરંપરાનો વિજય થયો. દેવો માટે તારાના આનંદથી વધુ યજ્ઞ મહત્ત્વપૂર્ણ હતા. યજ્ઞની શક્તિ વગર દેવો આ પૃથ્વી ઉપર ઉજાસ અને વર્ષા આપી શકે એમ નહોતા. જો યજ્ઞ નહીં થાય તો પૃથ્વી પર દુષ્કાળ પડશે, અંધકાર છવાઈ જશે. ના, ના! તારાને બૃહસ્પતિ પાસે પાછા ફરવું પડશે. આ જ ઇંદ્રનો અંતિમ નિર્ણય હતો.

તારા કમને પાછી આવી. એ પાછી ફરી ત્યારે એ ગર્ભવતી હતી. ચંદ્રમા અને બૃહસ્પતિ બંનેએ બાળકના પિતા હોવાનો દાવો કર્યો. તારાએ મૌન સાધી લીધું. જેણે પોતાને ગર્ભવતી બનાવી એ પુરુષનું નામ નહીં કહેવાની એની જીદ એણે છોડી નહીં ત્યારે ગર્ભસ્થ શિશુએ ભીતરથી જે પ્રશ્ન પૂછ્યો એ સાંભળીને સૌ ચકિત રહી ગયા, 'મા મને તો એ કહી દે કે હું કયા બીજનું ફળ છું? મને એ જાણવાનો અધિકાર છે.'

ત્યાં એકત્ર થયેલા સહુ આ નહીં જન્મેલા બાળકની સત્ય જાણવાની ઇચ્છાથી અત્યંત પ્રભાવિત થયા. સહુએ સાથે મળીને ભવિષ્યવાણી કરી કે આ બાળક બુદ્ધિનો દેવતા થશે. બુદ્ધિ અર્થાત્ મસ્તિષ્કનો એ ભાગ જે સત્ય અને અસત્યની વચ્ચે તફાવત કરવાનો વિવેક આપીને સત્યની પસંદગી કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. જન્મ્યા પહેલાં જ એનું નામ બુધ રાખવામાં આવ્યું.

બાળકે જીદ કરી એટલે તારાએ નીચી દૃષ્ટિએ કહ્યું, 'તું ચંદ્રમાના બીજમાંથી ઉત્પન્ન થયો છે.'

આ સાંભળતાં જ બૃહસ્પતિ ક્રોધથી લાલપીળા થઈ ગયા. એમણે શાપ આપ્યો, 'મારી ચારિત્ર્યહીન પત્નીના પ્રેમનું આ બીજ લિંગ રહિત બની જશે. એ ન સ્ત્રી રહેશે, ન પુરુષ.'

આ ક્રૂર શાપથી દેવતા પણ ભયભીત થઈ ગયા. ઇંદ્રે રાજા હોવાના પોતાના અધિકારથી સમાધાન કરવાનો પ્રયાસ કર્યો, 'બૃહસ્પતિ તમે જે બાળકને આટલી નિર્દયતાથી શાપ આપ્યો છે એ હવેથી ચંદ્રમાને બદલે તમારા પુત્ર તરીકે ઓળખાશે. સત્ય તો એ છે કે ખેતરમાં બીજ કોણ નાખે છે એનું મહત્ત્વ નથી, કારણ કે જે કંઈ ઊગે એ તો જમીનના માલિકનું જ કહેવાય. તારાના વિધિવત્ વિવાહિત પતિના સ્વરૂપમાં તમે જ માલિક છો. એનાં તમામ બાળકો, લગ્ન પહેલાંનાં સંતાન હોય કે લગ્ન પછીનાં, તમારા દ્વારા હોય કે અન્ય કોઈના દ્વારા, પરંતુ એના પિતા તો તમે જ છો.'

આ રીતે એ વખતે તો સમસ્યાનો હલ મળી ગયો. તારાએ બુધ ગ્રહના સ્વામી બુધને જન્મ આપ્યો. જેનો આકાર બદલાતો રહે છે. જે પુરુષ પણ નથી અને સ્ત્રી પણ નથી. બીજ સ્વરૂપે એ ભાવપ્રધાન ચંદ્રમાનો અંશ છે, પરંતુ ઇંદ્રના આદેશ અનુસાર એનું લાલનપાલન તર્ક અને પ્રજ્ઞાના દેવ બૃહસ્પતિના ઘરમાં જ થયું.

એ જ દિવસે સ્વર્ગ અને ભૂમિ પર પ્રાકૃતિક ગોચરના બધા જ ઝઘડા વિશે અંત આવી ગયો. હવે વિધિવત્ વર્ચસ્વ સ્થાપિત થઈ ગયું. પિતૃત્વ અને વિવાહ દ્વારા આ વર્ચસ્વ પરિભાષિત થવા લાગ્યું. પાંડુ સંતાનને જન્મ આપવામાં સક્ષમ નહોતા તેમ છતાં જનમેજયના પ્રપિતામહ અર્જુનને પાંડુના પુત્ર માનવામાં આવ્યા.

- મનુષ્યો માટે દેવોની અમરાવતી ભોગવિલાસનું સ્વર્ગ છે, પરંતુ અહીં જીવનની કાળજી અને સમજણપૂર્વક જ પ્રવેશ કરી શકાય છે.
- મુત્તુસ્વામી દીક્ષિતાર 18મી સદીના કર્ણાટક સંગીતના સ્તંભ રહ્યા. એમણે નવ ગ્રહને સમર્પિત પોતાની કૃતિમાં બુધનું ચિત્રણ અસ્થિરલિંગી તરીકે કર્યું છે. નવ ગ્રહોની અનેક છબિઓમાં બુધને ક્યારેક સ્ત્રી તો ક્યારેક પુરુષ સ્વરૂપે બતાવવામાં આવે છે. આનાથી સિદ્ધ થાય છે કે એમનો સ્વભાવ અસ્થિર છે.
- દેવો આકાશનિવાસી છે. પાતાળમાં વસતા અસુરોના શત્રુ. એમની વચ્ચે અંતહીન યુદ્ધ થયા છે. સમયાંતરે એમનો વિજય અને પરાજય ઋતુઓમાં આવતાં પરિવર્તનનું પ્રતીક છે.
- કલાની દૃષ્ટિએ બુધ યાલિની સવારી કરે છે. આ એવું રહસ્યમય સર્જન છે જેનું માથું હાથીનું અને શરીર સિંહ જેવું છે. આ કદાચ એમના અસ્થિર સ્વભાવનું પ્રતીક છે.

## બુધ માટે પત્ની

મોટા થયા પછી બુધને શંકા થવા લાગી કે એને જીવનસાથી મળશે કે નહીં, કારણ કે એ સ્ત્રી પણ નહોતો અને પુરુષ પણ નહીં. માતા તારાએ અત્યંત વિશ્વાસથી કહ્યું, ‘તારા વિવાહ અમે જરૂર કરીશું.’

બુધે પૂછ્યું, ‘કોની સાથે? પતિ કે પત્ની સાથે?’

તારાએ કહ્યું, ‘ભાગ્યને જે સ્વીકાર્ય હશે તે. આ વિશ્વમાં જે કંઈ બને છે તે કોઈક પ્રયોજનથી જ બને છે. તારા પિતાએ તને આપેલા શાપનું પણ કોઈ કારણ હશે. બધું યોગ્ય જ થશે. શ્રદ્ધા રાખજે.’



અને એમ જ થયું, બુધની દૃષ્ટિ એક દિવસ ઇલા નામની એક સ્ત્રી પર પડી. એને એ સ્ત્રી સાથે પ્રેમ થઈ ગયો.

પરંતુ ઇલા સ્ત્રી નહોતી, એ કોઈ એક સમયે પુરુષ હતી, એક રાજકુમાર. જેનું નામ હતું સુદ્યુમ્ન. મનુષ્યોના પ્રથમ રાજા મનુનો પુત્ર.

સુદ્યુમ્ન એક દિવસ ઘોડા પર સવાર થઈને એવા જંગલમાં પ્રવેશ્યો જ્યાં એણે જવું ના

જોઈએ. મહાન વૈરાગી શિવની દૃષ્ટિ પડવાથી એ જંગલમાં સર્વ પુલ્લિંગના લોકો સ્ત્રીલિંગ બની ગયા હતા. વનમાં વસતા સિંહ, સિંહણ બની ગયા હતા અને મોર, ઢેલ બની ગયા હતા. પોતાની સંગિની શક્તિને પ્રસન્ન કરવાના હેતુથી શિવે એ જંગલમાં સહુને સ્ત્રીલિંગ બનાવ્યા હતા. પોતે પ્રભુના સાંનિધ્યમાં હોય ત્યારે કોઈ પણ પુરુષ પશુ કે મનુષ્યની ઉપસ્થિતિથી એમનું ધ્યાન વિચલિત થાય એવી શક્તિની ઇચ્છા નહોતી. સુદ્યુમ્નને જ્યારે વનમાં પુરુષત્વહીન બની ગયાનું જ્ઞાન થયું ત્યારે એમણે દેવીને પોતાનું પૌરુષ પુનઃ પ્રદાન કરવા માટે વિનંતી કરી. દેવીએ કહ્યું, 'હું શિવની દૃષ્ટિનો પ્રભાવ તો નહીં બદલી શકું, પરંતુ એમાં એટલું જરૂર બદલી શકું કે જ્યારે ચંદ્ર નહીં દેખાય ત્યારે તું સ્ત્રી રહીશ અને જ્યારે ચંદ્રમાનો ઉદય થશે ત્યારે તું પુરુષ બની જઈશ.'

બુધને જે સ્ત્રી પણ નહોતા અને પુરુષ પણ નહોતા એમને ઇલાના સ્વરૂપમાં આદર્શ જીવનસાથીની પ્રાપ્તિ થઈ, કારણ કે ઇલા સ્ત્રી અને પુરુષ બંને હતી. એમણે એમના સહજીવનમાં અનેક પુત્રોને જન્મ આપ્યો. એ ઇલાના વંશજ હોવાને કારણે એલા કહેવાયા. એ સહુ ચંદ્રવંશી અર્થાત્ ચંદ્રમાના વંશજ તરીકે ઓળખાયા. જોકે આ નામ બૃહસ્પતિને સ્વીકાર્ય નહોતું અને દેવતાઓને પણ અયોગ્ય લાગ્યું. કદાચ, એટલે જ ચંદ્રવંશી રાજાઓ ભાવપ્રધાન રહ્યા અને એમનામાં તર્કશીલતાનો અભાવ રહ્યો.

સમય સાથે ચંદ્રવંશી, બુધ અને ઇલા બંનેના અસ્પષ્ટ લિંગની વાતને વીસરી ગયા. અર્જુનના સાળા શિખંડીમાં એવા લક્ષણ પ્રગટ થયા ત્યારે સહુએ એનો ઉપહાસ કર્યો. એ સહુએ એને યુદ્ધસ્થળમાં પ્રવિષ્ટ થતા રોકવાનો પણ પ્રયાસ કર્યો. મનુષ્યે બનાવેલા નિયમોનું સત્ય આ જ છે. અતીતથી વિમુખ અને વર્તમાન પ્રત્યેની સંવેદનશીલતાનો અભાવ.

- મહાભારતમાં ચંદ્રવંશી અર્થાત્ ચંદ્રના વંશો અથવા બોધના વંશજોની કથા છે. પોતાના અસ્પષ્ટ નૈતિક આચરણને કારણે અપખ્યાતિ પામ્યા. આ ચંદ્રવંશીઓથી તદ્દન વિરુદ્ધ સિદ્ધાંતપ્રિય સૂર્યવંશીઓ છે. સૂર્યવંશીની કથાનું વર્ણન રામાયણમાં મળે છે.
- વરદાન કે શાપ હિન્દુ રહસ્યવાદમાં સહજ છે. કર્મની અવધારણામાં આની વ્યાખ્યા મળે છે. કર્મના સિદ્ધાંત અનુસાર દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે. આ પ્રતિક્રિયાનો અનુભવ કર્મ કરનાર માટે અનિવાર્ય છે. આ જન્મમાં મળે કે આવનારા જન્મમાં, પરિણામ અથવા ફળ જરૂર મળે છે. સકારાત્મક પરિણામ મળે એ કર્મને પુણ્ય કહેવાય છે અને કથાઓમાં એનો ઉલ્લેખ 'વરદાન' તરીકે કરવામાં આવ્યો છે. નકારાત્મક પરિણામ આપે તે કર્મ પાપ છે અને કથાઓમાં એનો ઉલ્લેખ 'શાપ' તરીકે થાય છે. પુણ્ય આધ્યાત્મિક હકારાત્મકતા છે, જે સૌભાગ્યદાયક છે અને પાપ આધ્યાત્મિક નકારાત્મકતા છે, જે દુર્ભાગ્યનું કારણ બને છે. પાપ અને પુણ્યની વ્યાખ્યા એ દર્શાવવા માટે કરવામાં આવી છે કે વિશ્વમાં સારી અને ખરાબ ઘટનાઓ શા માટે બને છે.

- ઇલાના પુરુષ અને સ્ત્રી હોવાની કથા મહાભારતની સાથે અન્ય પુરાણોમાં પણ મળે છે. કેટલાક પુનર્કથન અથવા ભિન્ન મત અનુસાર ઇલાને મનુની પુત્રી તરીકે પણ રજૂ કરાઈ છે. પુત્રેષ્ણાનો યજ્ઞ કરતી વખતે મનુ દિવ્ય મંત્રનો ઉચ્ચાર સાચી રીતે કરી શકતા નથી, જેને કારણે એમને ત્યાં પુત્રની જગ્યાએ પુત્રીનો જન્મ થાય છે.
- મનુ સૂર્યપુત્ર હતા. ઇલા સિવાય મનુના અન્ય પુત્ર ઇક્ષ્વાકુ નામના પુત્ર હતા. એના વંશજ સૂર્યવંશી તરીકે ઓળખાયા. એમના વંશમાં અયોધ્યાના રાજકુમાર રામ પણ જન્મ્યા. જેમની કથા રામાયણમાં કહેવાઈ છે.
- તારાના ચંદ્ર સાથેના પ્રેમની કથાના માધ્યમ દ્વારા જ્યોતિષશાસ્ત્રે ચંદ્રવંશી રાજાઓની પ્રકૃતિ અને વ્યવહારની વ્યાખ્યાને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. ચંદ્રનો સંબંધ લાગણીશીલતા અથવા ભાવનાઓ સાથે છે. બૃહસ્પતિ તર્કબદ્ધ અને બુદ્ધિગમ્ય છે. કદાચ આથી જ બુધ ક્યારેક તર્કબદ્ધ તો ક્યારેક ભાવનાપ્રદાન ગ્રહ બનીને વ્યક્તિના જીવનમાં પ્રભાવ આપે છે. કથાનું મૂળ હાર્દ એ છે કે ચંદ્રવંશી પ્રકૃતિથી ભાવપ્રધાન હતા, પરંતુ આવી પ્રકૃતિમાં તર્કશીલતાનું નિયંત્રણ અતિઆવશ્યક હોય છે.